


# જીવતરમાં અમૃતનાં વાવેતર કરીએ, દેહને મંદિર અને જીવનને તીર્થ બનાવીએ !

રવિવાર, ચૈત્ર સુદ નવમી, ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૨૫ના પરમ શુભ દિવસે શ્રીહરિ નોમ–પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ૨૪૫મો પ્રાગટ્ય–પ્રાદુર્ભાવનો મહા ઉત્સવ !

પાંચ વર્ષ પછી ૨૦૩૦માં શ્રી સ્વામિનારાયણ ભગવાનના આ પૃથ્વી પરના પ્રાગટ્યમંગલનાં ૨૫૦ વર્ષ થશે; અને, ૨૦૩૧ની શ્રીહરિ નોમે ભગવાન શ્રી સ્વામિનારાયણ સાર્ધ–દ્વિશતાબ્દી મહોત્સવના ગગનભેદી વૈશ્વિક જયઘોષ સાથે આ જગતનાં જીવ–પ્રાણીમાત્રનાં આધ્યાત્મિક ઉત્થાનની ઉત્ક્રાંતિયાત્રાના એક નૂતન દિવ્ય યુગના આરંભ થશે !

યાદ રાખીએ – ૨૦૩૧થી ૨૦૪૦નો દશક એ પ્રગટ ગુરુહરિ, શ્રી હરિના પરમ તત્ત્વના ધારક સંતભગવંત સાહેબજીની ૨૦૪૦માં આવી રહેલી પ્રાગટ્ય શતાબ્દી પ્રતિ આપણને દોરી જનારો દશક હશે ! અક્ષરરૂપ થઈ, પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ ગુરુહરિ સાહેબજીના દાસરૂપે, પ્રભુનાં કાર્ય, પ્રભુની રીતે, પ્રભુના પ્રગટ સ્વરૂપને રાજી કરવાના એકમાત્ર ધ્યેયથી આપણાં અસ્તિત્વ અને વ્યક્તિત્વને પ્રભુના સાધનરૂપ બનાવવાની આપણી પ્રાર્થના–અભીપ્સા અને ભક્તિની સિદ્ધિ કરાવનારો એ દશક હશે.

૨૦૩૧માં ભગવાન શ્રી સ્વામિનારાયણની સાર્ધ–દ્વિશતાબ્દી (૨૫૦ વર્ષ)થી ૨૦૪૦માં પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીની શતાબ્દી (૧૦૦ વર્ષ) દરમિયાનનો એ દશક આપણા અનેક, અનંત જન્મોની આધ્યાત્મિક–ભક્તિયાત્રાની પરાકાષ્ઠા રૂપે મંજિલને પામવાનો દશક બની રહે તેની જાગ્રતતા રાખી આ ક્ષણથી જ સજાગ થઈએ, સજ્જ થઈએ, પ્રભુનાં–ગુરુહરિનાં બળ, કૃપા અને આશીર્વાદની યાચના કરીએ.

**આ સજગ-સજ્જતાનાં પાંચ પગલાં છે :**

**એક :** શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરીભાવે અતિ દૃઢ આશરો. પ્રભુના સર્વોપરીભાવે અતિ દૃઢ આશરાનો આચરણમાં અર્થ એ થાય કે, મારા જીવનમાં જે કંઈ થયું છે, થઈ રહ્યું છે અને થવાનું હશે તે સર્વના પ્રેરક અને નિયંત્રક મારા ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે, જે મારા માટે સર્વોપરી ભગવાન છે અને તે મારા પરમ હિતકારી છે. હું ભગવાનનો છું ને ભગવાન મારા છે.

**બીજું :** અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના અદ્વય તત્ત્વ - શ્રી અક્ષરપુરુષોત્તમના તત્ત્વના સાંગોપાંગ ધારક ગુણાતીત સત્પુરુષ મારા પ્રગટ ગુરુહરિ સાહેબજીમાં સંપૂર્ણ, સદાય સમ્યક્ નિર્દોષભાવે યુક્ત તેઓ જ મારા કલ્યાણદાદા છે તેવી અચળ પ્રતીતિ.

**ત્રીજું :** પ્રગટ ગુરુહરિ સાહેબજીની અનુવૃત્તિ પ્રમાણે જ જેઓનું પળે-પળનું જીવન પ્રભુને રાજી કરવાના એકમાત્ર ભાવથી ભક્તિરૂપે જિવાઈ રહ્યું છે એવા પરમ ભગવદી સાધુની આજ્ઞાનાં યથાર્થ, પ્રામાણિક, સંપૂર્ણ અને સદૈવ પાલનનો પ્રયત્ન અને આલોચ. અને, તે માટે પ્રભુનાં બળ-કૃપાની અવિરત યાચના.

**ચોથું :** સૌ પ્રતિ દિવ્યભાવ, સૌની સાથેનાં વિચાર, વાણી, વર્તનમાં સૌના સદ્‌ગુણોને જ દૃષ્ટિમાં રાખી, પ્રભુનાં નિયંત્રણ-પ્રેરણા-મરજી અનુસાર જ વર્તન કરતા સૌ નિર્દોષ છે તેમ માની, સ્વધર્મયુક્ત કે ગુરુઆજ્ઞા અનુસાર સૌની સંપ, સુહૃદભાવ અને એકતા જાળવી સેવા કરવાની ઉમંગ-ઉત્સાહસભર તત્પરતા.

**પાંચમું :** પ્રગટ ગુરુહરિ સાહેબજીની સ્મૃતિ સાથે દરરોજ નિયમિત, અનિવાર્યપણે ઓછામાં ઓછી ત્રીસ મિનિટ 'ૐ સ્વામિનારાયણ' મંત્રની ધૂન, પ્રાર્થના; અઠવાડિક સત્સંગસભામાં સમયસર, સ-મન, સક્રિય સહભાગિતા અને સેવા; તથા, ભગવાનની કૃપાથી પ્રાપ્ત જીવનના સમયનો અને આવકનો ગુરુઆજ્ઞા પ્રમાણે દશ કે પાંચ ટકા ભાગ પ્રભુની સેવામાં ધન્યભાવે અર્પણ કરવાની હોંશ.

આપણે અનેક, અનંત જન્મ ધર્યા છે. પૂર્વના કોઈક જન્મમાં પ્રભુનો કે પ્રભુના સાકાર પ્રગટ સ્વરૂપનો સંબંધ પામ્યા હોઈશું, કંઈક યત્કિંચિત સેવા જાણે-અજાણે થઈ હશે તેના અઢળક પુણ્ય પ્રતાપે આ જન્મમાં અતિ દુર્લભ એવા મનુષ્યદેહમાં જન્મ મળ્યો, તેથીય અતિ દુર્લભ શ્રી સ્વામિનારાયણ સત્સંગ મળ્યો, અને તેથીય અતિ દુર્લભમાં દુર્લભ જે પ્રાપ્તિ આપણને થઈ છે તે સ્વામીએ સહિત નારાયણ, અક્ષરે સહિત પુરુષોત્તમના અદ્વય તત્ત્વના ધારક સાકાર પ્રગટ ગુરુહરિ સાહેબજીનો યોગ જે આપણને તો કેવળ ને કેવળ પ્રભુની કૃપાથી જ થયો છે.

તો, હવે સમય ન વેડફીએ. જાગ્રત બનીએ, સજગ ને સજ્જ થવા હવે તો આળસ પ્રમાદ ને ગાફલાઈ છોડીએ જ ! સંતોએ પદમાં ગાયું છે તેમ :

"કોટિ વ્રત દાન તપ જપ કરી જે પામવા, સંતરૂપે મળ્યા સાહેબ ભગવંત."

અને હજીય જો જાગ્રત થવાનું ટાળીશું તો એક દિવસ એવો પણ પરિતાપનો આવશે જેના અણસાર આપતાં સંતોએ ગાયું :

"સરતી સરકતી પળ-પળ, ખળ-ખળ વહેતું જીવન આ ચાલ્યું ;

જાગીને જોયું ને પૂછ્યું - મનવા ! આ જીવતરમાં શું વાવ્યું ?"

આ પ્રશ્ન પુછાય ત્યારે આપણો અક્ષરરૂપ આત્મા જો ખણખણતો જવાબ આપી શકે કે, "અમે તો જીવતરમાં અમૃતનાં વાવેતર કર્યાં છે, આત્મામાં સાહેબના સાક્ષાત્કાર કર્યા છે ; ને તેથી, અમારું આ દેહ મંદિર છે ને જીવન તીર્થ !" ત્યારે જીવ્યું તે જીવતર સાર્થક, સુફલ અને સદ્ ચિદ્ સહજાનંદ બની વહે.

તેવા સદ્ ચિદ્ સહજાનંદરૂપ જીવનની સહજ અવસ્થાની શુભ પ્રાર્થના સહ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા સંતભગવંત સાહેબજીને પ્રાદુર્ભાવ-પ્રાગટ્યના મહાપર્વે હૃદયભક્તિવંદન સહ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ! જય શ્રી સ્વામિનારાયણ !

◆

સા.મ...

~ સાધુ મનોજદાસ